# મધ્યસ્થીકરણ(Mediation) – સમયની માંગ

મધ્યસ્થીકરણ(Mediation) શું છે?

મીડીયેશન વિવાદોનું નિરાકરણ કરવા માટેની સરળ અને નિષ્પક્ષ આધુનિક પ્રક્રિયા છે. આ પ્રક્રિયા દ્વારા મીડીયેટર દબાણરહિત વાતાવરણમાં સામ–સામા પક્ષોના વિવાદોનું નિરાકરણ કરે છે. બધા પક્ષો સદ્‌ભાવપૂર્ણ વાતાવરણમાં સ્વેચ્છાએ વિવાદોનું સમાધાન શોધે છે અને તેને અપનાવે છે. મીડીયેશન દ્વારા વિવિધ પક્ષકારો પોતાના વિવાદોને તમામ દષ્ટિકોણ થી જાણે છે અને જે સમાધાન બધા પક્ષોને માન્ય હોય છે તેને અપનાવે છે. આ પધ્ધતિ દ્વારા વિવાદોનું સત્વરે નિરાકરણ થાય છે, જે ખર્ચરહિત છે. આ પ્રક્રિયા કેસોના ઝંઝટોથી મુક્ત છે અને સાથે સાથે કોર્ટોના વધતા જતાં ભારણને ઓછું કરવામાં પણ મદદ કરે છે.

મીડીયેશન માં શું થાય છે?

મીડીયેટર નિષ્પક્ષ મીડીયેશન માટે પૂર્ણ રીતે પ્રશિક્ષિત હોય છે.

આ પ્રક્રિયા સર્વે પક્ષોને તેમના વિવાદોનું સમાધાન કરવામાં સહાય કરે છે. મીડીયેશન માળખાગત પ્રક્રિયા છે, જેની પધ્ધતિ નીચે મુજબ છે:

૧. પરિચય: મીડીયેટર, મીડીયેશનની પ્રક્રિયા થી બધા પક્ષોને પરિચિત કરાવે છે. તેમજ પક્ષકારોને આ પ્રક્રિયાના નિયમો તથા તે દરમ્યાન જાળવવામાં આવતી ગુપ્તતા વિશે પણ બતાવે છે.

૨. સંયુક્ત બેઠક: મીડીયેટર, પક્ષકારો પાસેથી તેમના વિવાદ બાબતે જાણકારી મેળવે છે તથા વિવાદના નિરાકરણ માટે અનુકૂલ વાતાવરણ તૈયાર કરે છે.

૩. અલગ બેઠક: સંયુક્ત બેઠક ઉપરાંત જો જરૂર પડે તો મીડીયેટર દરેક પક્ષકાર સાથે અલગ–અલગ ચર્ચા કરે છે. આ બેઠકો દરમ્યાન દરેક પક્ષ પોતાની વાત મીડીયેટર સમક્ષ મુકે છે જેને ગુપ્ત રાખવામાં આવે છે. આ બેઠકોમાં મીડીયેટર વિવાદના મૂળ સુધી પહોંચે છે.

૪. સમાધાન: વિવાદના નિવારણ ઉપરાંત મીડીયેટર બધા પક્ષકારો પાસેથી સમાધાન માટેની સંમતિ મેળવે છે અને તેઓને સમાધાનની શરતો સમજાવે છે. આ સમાધાનને લેખિત સ્પરૂપ આપવામાં આવે છે જેના ઉપર બધા પક્ષકારો સહીઓ કરે છે, જે એકમેકને બંધનકર્તા છે.

મીડીયેટરની ભુમિકા અને કાર્ય (Role of a Mediator):

- મીડીયેટર વિવાદી પક્ષકારોની વચ્ચે સમાધાનની ભૂમિકા તૈયાર કરે છે.
- તે પક્ષકારોની વચ્ચે અરસ–પરસની ચર્ચા–વિચારણા માટેના માધ્યમ બને છે.
- તે સમાધાન દરમ્યાન આવનાર સમસ્યાઓને શોધી કાઢે છે.

- તે ચર્ચાના પરિણામે ઉદ્ભવતી સંભાવનાઓ અને સમીકરણોને પક્ષકારોની સમક્ષ મુકે છે.
- તે બધા પક્ષકારોના હિતોને સમજાવે છે
- તે સમાધાનની શરતોને સ્પષ્ટ બનાવે છે અને એવી વ્યવસ્થા કરે છે કે જેમાં બધા પક્ષકારો સ્વૈચ્છિક રીતે સમાધાનને અપનાવી શકે.

મીડીયેશન ની પ્રક્રિયાના લાભ:

- વિવાદનો ત્વરિત નિકાલ અને વિના વિલંબે સમાધાન
- વિવાદનું કાયમી, અસરકારક અને સર્વમાન્ય સમાધાન
- સમય તથા ખર્ચની બચત
- કોર્ટોના ચક્કર લગાવવાથી રાહત
- અત્યંત સરળ અને સુવિધાજનક
- સમાધાનમાં પક્ષકારોની સંમતિનું મહત્વ
- ખાનગી તથા ગુપ્ત પ્રક્રિયા
- સામાજિક સદ્ભાવ સ્થાપવામાં સહાયક
- મીડીયેશન દ્વારા સમાધાન કરવાથી પક્ષકારોને ગુજરાત કોર્ટ ફીસ એક્ટ, ૨૦૦૪ની જોગવાઈઓ મુજબ પક્ષકાર કોર્ટ ફી પરત મેળવવા હક્કદાર છે.

વિવાદોથી થતા નુક્શાન:

- સમયની બરબાદી
- માનસિક તથા શારીરિક શાંતિનો ભંગ
- નાણાના નુક્શાન
- અરસપરસની ઘૃણા અને વેરઝેર
- માનસિક તાણની પરિસ્થિતિ
- ખોટા અહંકારને મળતું બળ
- અસંતોષ

મધ્યસ્થીકરણ(Mediation)

મીડીયેશન પક્ષકારો માટે અત્યંત લોકપ્રિય, ખૂબ જ અસરકારક અને વિશેષ રીતે સંતોષકારક નિવડેલ છે. ફક્ત એક વિચારમાંથી એક સાધન બનીને, ત્યાર બાદ વૈકલ્પિક વિવાદ સમાધાનની એક પ્રક્રિયા બન્યા પછી હવે એક સંસ્કૃતિ બનવા પામેલ છે. કેલીફોર્નિયાના સેનડિયાગો માં જ્યાં અમેરિકાની ત્રીજા ક્રમની સૌથી વધુ કોર્ટો છે, ત્યાં દાખલ થતાં બધા દિવાની કેસોના ૯૦% થી પણ વધારે કેસો મીડીયેશન દ્વારા ફેંસલ કરવામાં આવે છે.

મીડીયેશન એક સ્વૈચ્છિક પ્રક્રિયા છે અને મીડીયેટર એક ઉદ્દીપક (catalyst)નું કાર્ય કરે છે અને તે મૈત્રીભાવથી પક્ષકારોને એકમેકની નજીક લાવવાનું અને દરેકને બીજાનો પક્ષ સમજવા માટે મદદ કરવાનું મહત્વનું કાર્ય કરે છે. મીડીયટરે નિર્ણય કરવાનો નથી કે તેની પાસે નિર્ણય કરવાની સત્તા પણ નથી, તેમ છતાયં તે સફળ રીતે પક્ષકારોને સમીપ લાવે છે અને તેમને પરસ્પર સ્વીકાર્ય સમાધાન સુધી પહોંચવામાં મદદ કરે છે.

મીડીયેટરો તરીકે ન્યાયાધીશો, વકીલો તથા નિવૃત ન્યાયાધીશો કે નિષ્ણાતો હોઇ શકે કે જેઓએ મીડીયેશનની પ્રક્રિયા માટે પ્રશિક્ષણ મેળવેલ હોય. મીડીયેશનના નીચે મુજબના લાભ છે:

- મીડીયેટરોનો સમય અને તેમની નિપૂણતા
- મીડીયેશનની પ્રક્રિયાની નું ખાનગીપણું, ગુપ્તતા અને સાતત્ય
- સમાધાન શોધવામાં પક્ષકારોનું યોગદાન
- આ પ્રક્રિયા પક્ષકારો પાસેથી ત્યાગ માંગતી નથી પરંતુ તેમના હિતોનું રક્ષણ કરે છે.

<u>કોર્ટ સંલગ્ન(Court Annexed) મીડીયેશન:</u>

‘‘કોર્ટ સંલગ્ન મીડીયેશનમાં, મીડીયેશનની સેવા કોર્ટ દ્વારા ન્યાયિક સેવાના અંતર્ગત ભાગ રૂપે જ પુરી પાડવામાં આવે છે. કોર્ટ સંલગ્ન મીડીયેશનની પ્રક્રિયાનો લાભ એ છે કે ન્યાયાધીશો, વકીલો અને પક્ષકારો આ પ્રક્રિયામાં ભાગ લે છે જેથી બધા ભેગા મળીને સ્વીકાર્ય સમાધાન ઉપર પહોંચે છે અને દરેકની સંમતિથી સમાધાન થવા પામેલ હોઇ તેવી લાગણી બધાને થાય છે. જ્યારે કોઇ ન્યાયાધીશ ખુદની દેખરેખ હેઠળ જ કોર્ટ સંલગ્ન મીડીયેશન માટે કોઇ વિવાદને મોકલાવે છે ત્યારે કોઇ પણ એવું નથી લાગતું કે વિવાદ એ ન્યાયતંત્રથી વિખોટું પડયું છે. ન્યાયાધીશને એવું જ લાગે છે કે ન્યાયિક પ્રક્રિયાની અંદર જ વિવાદને મીડીયેશન માટે મોકલાવેલ છે. જે વકીલો કોર્ટ કેસમાં પક્ષકારોનું પ્રતિનિધિત્વ કરે છે તે વકીલો પાસે જ તે કેસ રહે છે અને તેઓ જ પોતાના અસીલોના પ્રતિનિધિ તરીકે મીડીયેટર સમક્ષ હાજર થાય છે. પક્ષકારો ને એવો અનુભવ થાય છે કે તેઓને વિવાદના નિવારણમાં ભાગ ભજવવા માટેની તક મળેલ છે. આનાથી મીડીયેશનની પ્રક્રિયાને એક અનુભુત અને સફળ ન્યાયિક સાધન તરીકેની લોક–સ્વીકૃતિ મળશે. મીડીયેશન એ ન્યાયિક પ્રક્રિયાથી નિયંત્રિત એક વધારાની ન્યાયિક સેવા હોઇ અને તેની સરળતા અને પારદર્શકતાના કારણે વિશ્વના અનેક દેશોમાં તથા ભારતના અન્ય હાઇકોર્ટ જેવી કે દિલ્હી, કર્ણાટક, કેરાલા, તામિલનાડુ, જમ્મુ – કાશ્મીર વિગેરે સ્થળોએ, આ પધ્ધતિએ પક્ષકારોમાં વિશ્વાસ સંપાદિત કરેલ છે.’’

<u>નવપ્રારંભ</u>:

ગુજરાત હાઇકોર્ટ દ્વારા પ્રથમ વખત આ પ્રકારના મીડીયેશન સેન્ટર ગુજરાત હાઇકોર્ટ તથા સીટી સિવિલ કોર્ટ, ભદ્ર ના સંકુલમાં એમ કુલ્લે બે મીડીયેશન સેન્ટરોની શરૂઆત તા. ૨૩/૧૨/૨૦૦૮ તથા તા. ૨૪/૧૨/૨૦૦૮ થી અનુક્રમે શરૂ કરવામાં આવનાર છે. આ કેન્દ્રોનું ઔપચારિક ઉદ્‌ઘાટન ભારતીય સર્વોચ્ચ અદાલતના માનનીય ન્યાયમૂર્તિ શ્રી

એસ. બી. સિન્હાં ના વરદ્ હસ્તે કરવામાં આવનાર છે જેમાં ગુજરાત વડી અદાલત મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી કે. એસ. રાધાકૃષ્ણનન અતિથિ વિશેષ તરીકે રહેશે તેમજ ગુજરાત વડી અદાલતના વરિષ્ઠ ન્યાયાધીશ શ્રી એમ. એસ. શાહ વિષેશ અતિથિ તરીકે હાજર રહેવાના છે કે જેઓના માર્ગદર્શન હેઠળ આ મીડીયેશન સેન્ટરો કાર્યરત થવાના છે.

ગુજરાત હાઈકોર્ટના ધારાશાસ્ત્રીઓ, સીટી સિવિલ કોર્ટના ન્યાયાધીશો તથા ધારાશાસ્ત્રીઓ મીડીયેશનની પ્રક્રિયા માટે દેશ–વિદેશના અનુભવીઓ પાસેથી પ્રશિક્ષણ લીધેલ છે.

<u>મીડીયેશનનો કાયદાકીય આધાર</u>:

દિવાની કાર્યરીતિ સંહિતા ની કલમ ૮૯ ના અનુસંધાને જે ચાર વૈકલ્પિક વિવાદ નિવારણ પધ્ધતિઓ (ADR) કાયદામાં અમલમાં છે જેમાંની એક મીડીયેશન પ્રક્રિયા કે જેમાં ત્રાહિત તટસ્થ વ્યક્તિની મદદથી કેસની કાર્યવાહી ચલાવ્યા સિવાય પક્ષકારો વચ્ચેની તકરારનું સુખદ અંત લાવવાની જોગવાઈ છે. તટસ્થ ત્રાહિત વ્યક્તિ કે જેને મીડીયેટર તરીકે ઓળખવામાં આવે છે તે પોતાની પાસેની વાતચીત ની છટા તથા સમજાવટ ની આવડતની મદદથી પક્ષકારો વચ્ચેના વિવાદો નિવારીને તેનું સર્વ સ્વીકૃત સમાધાન સુધી પહોંચવામાં તેને મદદ કરે છે. આ રીતે મીડીયેટર સાચા કે ખોટા નો નિર્ણય ન કરતાં બંને પક્ષકારો વચ્ચેની તકરારોના મુદ્દાને નિશ્ચિત કરી અને તેઓની વચ્ચેના સમાધાન અને વાતચીતમાં વચ્ચે આવતા અવરોધોને દૂર કરવા માટેના ઉદ્દીપકનું કામ કરે છે.

<u>મીડીયેશન સેન્ટર સ્થાપવા અંગેના રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ ના નિર્દેશો</u>:

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ તા. ૧૨/૩/૨૦૦૮ ના પત્ર મુજબ નાલસા દેશની સમસ્ત ૨૧ વડી અદાલતો અને મહત્તમ જીલ્લાઓમાં મધ્યસ્થી કેન્દ્રો સ્થાપવા ઈચ્છે છે. તેથી ૮ થી ૧૦ જીલ્લાઓ પસંદ કરીને ત્યાં મધ્યસ્થી કેન્દ્રો સ્થાપી કાર્યરત કરવા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળને કહેવામાં આવેલ. જેથી રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા ૧૦ જીલ્લાઓ (૧) સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ (૨) અમદાવાદ (ગ્રામ્ય) (૩) ફેમિલી કોર્ટ, અમદાવાદ (૪) આણંદ (૫) વડોદરા (૬) સૂરત (૭) રાજકોટ (૮) જામનગર (૯) ભુજ અને (૧૦) મહેસાણા ની પસંદગી કરી રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ ને જાણ કરવામાં આવેલ.